**ક્રિમીનલ કેસ નંબર : ૯૩૬૪/૨૦૨૧**

**આંક ૧ લગત હુકમ**

આ કામના આરોપી/આરોપીઓ વિરુધ્ધ તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે ઈ. પી. કોડ ની કલમ ૧૮૮,૨૬૯,૨૭૦,૨૭૧ તથા જી.પી.એકટની કલમ–૭૦ મુજબના ગુના સબબની ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કાઢતા, તે સમન્સ તેઓને બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. આરોપીએ પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ આરોપીએ પોતાનો ગુનો કબુલ છે તેવું જાહેર કરતી સ્વેચ્છાએ પુરસીસ રજુ કરેલ છે. આરોપીની ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૧ અન્વયે પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાઈ આવતુ હોવાથી તેની ગુના કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

આ કામના **આરોપી એઝાદઅલી નૌવસાદઅલી શેખ, રહે. ઈશ્વરનગર, જી.આઈ.ડી.સી.મેઈન રોડ,બેંક ઓફ બરોડાની સામે, વડોદરા**નાઓને ક્રિ.પ્રો. કોડની કમલ ૨૫૨ અન્વયે આરોપીની ગુના કબુલાતના આધારે ઈ. પી. કોડ ની કલમ ૧૮૮, ૨૬૯, ૨૭૦, ૨૭૧ તથા જી.પી.એકટની કલમ–૭૦ વિગેરે મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

વડોદરા
તા. ૧૦/૦૭/૨૦૨૧

**(ડી.વાય.પટેલ)**
પાંચમાંજ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.

**સજા અંગે સાંભળ્યા,** આરોપીએ પોતે અનિવાર્ય કારણોસર ઘરની બહાર નીકળેલાનું અને પોતાને કોઈ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનું જણાવેલ છે. તેણે ભુલથી માસ્ક પહેર્યા સીવાય બહાર નીકળેલાનું જણાવેલ છે. તેની સ્વેચ્છીક ગુના કબુલાતના આધારે તેમજ આ ગુનો પ્રથમ ગુનો હોવાથી કાયદામાં નિર્દિષ્ટ પુરેપુરી સજા નહિ પરંતુ તેને ઓછામાં ઓછી સજાનો હુકમ કરવાનું યોગ્ય જણાય આવે છે. અને સજા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

આ કામના **આરોપી એઝાદઅલી નૌવસાદઅલી શેખ, રહે. ઈશ્વરનગર, જી.આઈ.ડી.સી.મેઈન રોડ,બેંક ઓફ બરોડાની સામે, વડોદરાના**ઓને ઈ. પી. કોડની કલમ ૧૮૮, ૨૬૯, ૨૭૦, ૨૭૧ તથા જી.પી.એકટની કલમ–૭૦ વિગેરે ગુના સબબ આરોપી દીઠ **રૂપિયા ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) કુલ્લે રૂ.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા)** નોદંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેને દિન–૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

વડોદરા
તા. ૧૦/૦૭/૨૦૨૧

**(ડી.વાય.પટેલ)**
કોડ નં.જી.જે.૦૧૫૧૫
૫માં જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.

**પાવતી નંબર**
**રૂપિયા ૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા)**
**તા.૧૦/૦૭/૨૦૨૧**

**નાઝર**